## ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિ.

(ગુજરાત સરકારનું સાહસ)

રજીસ્ટર્ડ ઓફીસ : સેકટર ૧૦/એ, 'ચ' રોડ, નવા સચિવાલય પાસે, ગાંધીનગર
જીલ્લા કચેરીનું સરનામું :–નાયબ જીલ્લા મેનેજરશ્રી (ગ્રેડ–૨) ની કચેરી,
ગુ.રા.ના.પુ.નિ.લી., રેલ્વે જંકશન રોડ, રાજકોટ જિલ્લો.

# મજુરી કામના ઈજારા માટેની નિવિદા

રાજકોટ જિલ્લાના જામકંડોરણા ગોડાઉન માટે તા. ૩૧–૩–૨૦૧૮ સુધીના મુદત માટે મજુરી કામના ઈજારા સુપ્રત કરવાના છે. આ કામગીરી માટે રસ ધરાવતા ઈસમો/પેઢીઓએ ટેન્ડર ફોર્મ, માર્ગદર્શક સુચનાઓ અને ટેન્ડરની સામાન્ય શરતો તા. ૧૦–૩–૨૦૧૭ સુધીમાં ગોડાઉન માટે ટેન્ડર ભરવા ઈચ્છતા હોય તે માટે નિગમની જિલ્લા કચેરી ખાતે કામકાજના સમય દરમ્યાન ૧૬.૦૦ કલાક સુધીમાં રૂા. ૫૦૦/– (અંકે રૂપિયા પાંચસો પુરા) રોકડેથી જમા કરાવી મેળવી લેવા જણાવવામાં આવે છે. જે સંબંધિત ઈસમો/પેઢીઓને મજુરી કામના ઈજારાની કામગીરી સુપ્રત કરવામાં આવે તેઓ પ્રો.ફંડ કાયદા ૧૯૫૨ ની જોગવાઈ હેઠળ જો તેઓને આ કાયદાની જોગવાઈ હેઠળ પ્રો.ફંડ નંબર મેળવવા પાત્ર થતો હશે તો ઈજારાની કામગીરી સુપ્રત થયાની/કરારનામામાં સહી થયાની તારીખ એ બે માંથી જે વહેલી તારીખ હોય તેના બે માસમાં પ્રો.ફંડ નંબર મેળવી લેવાનો રહેશે. તેમજ આ ધારા હેઠળની તમામ જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. અને તે ધારા હેઠળની તમામ જવાબદારીઓ નિભાવવાની રહેશે. આ ઉપરાંત પ્રવર્તમાન તમામ મજુર ધારાઓની લાગુ પડતી જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સંપૂર્ણ ભરેલા ટેન્ડરો બંધ કવરમાં ટેન્ડર ડીપોઝીટ જમા કરાવી નિગમની જિલ્લા કચેરી ખાતે તા. ૧૪–૩–૨૦૧૭ ના રોજ બપોરના ૧૪.૦૦ કલાક સુધીમાં રૂબરૂ પહોંચાડવાના રહેશે. નિયત સમયે રજુ થયેલ ટેન્ડરો આ જિલ્લા કચેરીમાં ઉપસ્થિત ટેન્ડરરોની હાજરીમાં તા. ૧૪–૩–૨૦૧૭ ના રોજ ૧૫.૦૦ કલાકે શકય હશે તો ખોલવામાં આવશે. કોઈપણ ટેન્ડર સ્વીકારવાનો કે કોઈપણ કારણ આપ્યા તેનો અસ્વીકાર કરવાનો નિગમનો હકક અબાધિત રહેશે.

તા. ૨૦/૨/૨૦૧૭
રાજકોટ.

નાયબ જીલ્લા મેનેજરશ્રી (ગ્રેડ–૨)
ગુ.રા.ના.પુ.નિ.લી. રાજકોટ